અગત્યનું

ક્રમાંક:- ક-૪/જીપીએફ/૨૦૨૩-૨૪/૨૨૯૭ - ૨૪૦૫

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
૨/૧,બહુમાળી ભવન,
સરદાર બાગ,જૂનાગઢ.
તા.~~૧૩~~/૦૯/૨૦૨૩
૨૪

પ્રતિ,
આચાર્યશ્રી,
બિન સરકારી અનુદાનિત શાળાઓ તમામ,
જુનાગઢ, જિ.જુનાગઢ.

વિષય : જી.પી.એફ. આખરી ઉપાડની દરખાસ્ત કરવા બાબત.

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, આ જીલ્લાની બિન સરકારી અનુદાનિત શાળાઓમાં ફરજ બજાવતા કર્મચારીઓ તેમના જી.પી.એફ. આખરી ઉપાડ માટે સત્રના લાભ સાથે નિવૃત થતા હોય ત્યારે આખરી ઉપાડની દરખાસ્ત નીચેના આધારો તથા મુદાઓને ધ્યાને રાખી નિયમ મુજબ દાખસ્ત કરવાની રહેશે.

- નિયત નમૂનાનું ફોર્મ નંબર – ૧૦ (ક-પત્રક, પાંચ વર્ષની જમા – ઉપાડ સિલક સાથેનું પત્રક)
- છેલ્લા પાંચ વર્ષની GPF – સ્લીપ(પ્રમાણિત નકલ)
- ૯૦% ઉપાડ કરેલ હોયતો આદેશની નકલ, ૯૦% ઉપાડ ન કરેલ હોય તો તે બાબતનું કર્મચારી/આચાર્યના સહી/સિક્કા વાળું બાહેંધરી પ્રમાણપત્ર
- બેંક પાસબુકના પ્રથમ પાનાની સુવાચ્ય નકલ
- કર્મચારીના છેલ્લે GPF કપાત થયેલ માસની પગર્બીલની નકલ તેમજ જે માસથી કપાત બંધ થયેલ હોય તે માસના પગાર બીલ ની નકલ
- PPO ની નકલ(પ્રમાણિત)
- મંડળનો ઠરાવ
- **નોકરી દરમિયાન કર્મચારીએ શાળાને ફાઈનલ રકમ મેળવવા માટે કરેલ અરજીની નકલ ફરજીયાત જોડવી**

વિશેષ નોંધ:-

જી.પી.એફ.આખરી ઉપાડના કેસોમાં જન્મતારીખ મુજબ વયનિવૃત થતા હોય તેના છેલ્લા છ માસ પહેલા મરજીયાત અને ત્રણ માસ પહેલા ફરજીયાત જી.પી.એફ. કપાત બંધ કરવાની રહેશે. તેમ છતાં ઘણી શાળાઓમાં કર્મચારી/અધિકારીના જીપીએફ નિયમ મુજબ બંધ થતા નથી જે અંગે શાળા કક્ષાએથી ગંભીર નોંધ લેવી. જયારે જી.પી.એફ. આખરી ઉપાડનું પ્રીઓડિટ જિલ્લા સહાયક નિરીક્ષક દ્વારા કરતા વ્યાજ બાબતે પ્રશ્ન ઉપસ્થિત થશે જે અંગે વ્યાજ કાપ ની સઘળી જવાબદારી શાળાનાં આચાર્યની રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી
જૂનાગઢ.